DIVYA BHASKAR, Surat, 8.3.2021
Page No. 4, Size:(6.19)cms X (9.62)cms.

## વાપીથી ભરૂચ સૌથી લાંબુ સેક્શન

# બુલેટ ટ્રેન: 11 પુલ માટે 4 કંપનીઓએ બોલી લગાવી

ટ્રાન્સપોર્ટેશન રિપોર્ટર.સુરત

અમદાવાદથી મુંબઈ વચ્ચે બુલેટ ટ્રેનના રૂટ પર 11 પુલ બનાવવા માટે ચાર કંપનીઓએ બોલી લગાવી છે.

ચાર નિર્માણ કંપનીઓએ જોઈન્ટ કંસોર્ટિયમ હેઠળ 508.17 કિલોમીટર લાંબા મુંબઈ-અમદાવાદ હાઈ સ્પીડ બુલેટ ટ્રેન યોજનામાં ચાર પ્રીસ્ટ્રેસ્ટ કોંક્રિટ (પીએસસી) અને સાત સ્ટીલ પુલ બનાવવા માટે બોલી લગાવી છે.

આ પુલ બુલેટ ટ્રેનના સી-ચાર પેકેજમાં 47 ટકા એટલે કે વડોદરા-સુરત-વાપી( 237 કિલોમીટર) રૂટમાં છે.આ પેકેજના તમામ પુલ બુલેટ ટ્રેન રૂટ નિર્માણમાં કોન્ટ્રાક્ટ મેળવનાર લાર્સન એન્ડ ટુર્બો ધ્વારા નિર્માણાધિન 237.1 કિલોમીટરના પેકેજ સી-4 પેકેજ મુજબ છે. આ ગુજરાતના વાપી-બિલિમોરા-સુરત અને ભરુચમાં ચાર સ્ટેશન સાથે બુલેટ ટ્રેન યોજનાનો સૌથી લાંબો સેક્શન છે.

બુલેટ ટ્રેનના વધારે રૂટ વાયડક્ટ દ્વારા કવર કરવામાં આવશે. કેટલાક સ્થળે બુલેટ ટ્રેન રૂટનો વાયડક્ટ રાષ્ટ્રિય રાજમાર્ગો, ડીએફસી,ભારતીય રેલવે ટ્રેક્સ અને નદીઓ પરથી પસાર થશે. વધારે વાયડક્ટ કોંક્રિટથી બનશે. જોકે જ્યાં સ્પાનની જરૂરત 60 મીટરથી વધારે હશે ત્યાં સ્ટીલ સુપર સ્ટ્રક્ચરની યોજના બનાવવામાં આવી છે. કારણ કે એક પોઈન્ટથી વધારે પીએસસી ભારે થઈ જાય છે. જે કંપનીઓએ બોલી લગાવી તેમાં જીઆરઈએલ( જીટીપી), કેઈસી-સેમ ઈન્ડિયા, એમજી કોન્ટ્રાક્ટર્સ પ્રા.લિમિટેડ અને રણજીત બિલ્ડકોન લિમિટેડ છે.